# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-08-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ઇદે મિલાદુન્નબી

આજે. ઇસ્લામ ધર્મના અંતિમ પેયગંબર હજરત મહમ્દ સાહેબના જન્મદિન નિમિત્તે આજે સમગ્ર કચ્છ જિલ્લામાં ઈદ એ મિલાદુન્નબી'નો તહેવાર ધાર્મિક હર્ષોલ્લાસ અને પરસ્પર ભાઈચારા સાથે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે જિલ્લા મથક ભુજ ખાતે ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ જુલુસનું હિન્દુ-મુસ્લિમ સંસ્થાઓ તેમજ અગ્રણીઓ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરીને ઈદની મુબારકબાદ પાઠવવામાં આવી હતી.

કચ્છના નાના-મોટા ગામોમાં પણ આ પવિત્ર પ્રસંગે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બાલ મુબારકની ઝિયારત, તકરીર અને ન્યાઝના આયોજનોની સાથે જરૂરતમંદ લોકોને ખૈરાત આપવામાં આવી હતી. આ તહેવારે હિન્દુ અને મુસ્લિમ ભાઈઓએ એકબીજાને ભેટીને ઈદની શુભકામનાઓ પાઠવી હતી.

---------------------------------------------------------------------------------------

## 73 મો વન મહોત્સવ

કચ્છના જિલ્લા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી આવતીકાલે સવારે ૧૦ વાગ્યે દયાપર ખાતે કરવામાં આવશે. ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં યોજાનારા આ મહોત્સવમાં પર્યાવરણ સંરક્ષણ,

હરિયાળા કચ્છના નિર્માણ અને વૃક્ષારોપણ પ્રત્યે લોકજાગૃતિ વધારવાનો મહત્વપૂર્ણ સંકલ્પ લેવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## અધિકારીઓની બદલી

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી આદેશ અંતર્ગત ૨૫ મુખ્ય અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. આ આદેશ હેઠળ કચ્છ જિલ્લાની ત્રણ નગરપાલિકાના મુખ્ય અધિકારીઓની બદલી કરાઈ છે.

સત્તાવાર વિગતો મુજબ માંડવી નગરપાલિકાના મુખ્ય અધિકારી જિજ્ઞેશ બારોટની હારીજ ખાતે અને નખત્રાણાના ભાવિન કાંધાણીની કેશોદ ખાતે બદલી થઈ છે. માંડવી સુધરાઇના ચીફ ઓફિસરનો વધારાનો હવાલો મુંદરા-બારોઇના મુખ્ય અધિકારી વૈભવ વ્યાસને સોંપાયો છે, જ્યારે રાપર નગરપાલિકામાં બારેજાથી સંદીપસિંહ ઝાલાને નવા મુખ્ય અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## તીર્થ ગામ પસંદગી

ગુજરાત સરકારની તીર્થગ્રામ યોજના અંતર્ગત અબડાસા તાલુકાના કનકપુર ગામની ગૌરવપૂર્ણ 'તીર્થગામ' તરીકે પસંદગી થઈ છે. છેલ્લાં પાંચ વર્ષથી ગામમાં શાંતિપૂર્ણ વાતાવરણ અને ગુનાહિત પ્રવૃત્તિઓથી મુક્ત રહી સામાજિક એકતા જાળવવા બદલ આ માન્યતા મળી છે.

સરકાર દ્વારા આ સિદ્ધિ બદલ ગામને રૂા. ૫ લાખની વિકાસલક્ષી સહાય ફાળવવામાં આવી છે, જેનાથી ગામના વિકાસકાર્યોને વેગ મળશે. અગાઉ આ ગ્રામ પંચાયતને 'નિર્મળ ગ્રામ પુરસ્કાર' અને 'શ્રેષ્ઠ પાણી સમિતિ'ના એવોર્ડ પણ મળી ચૂક્યા છે.

---------------------------------------------------------------------------------------------

## ગ્રામીણ આજીવીકા મિશન – રિફ્રેશમેન્ટ વર્કશોપ

આજે. કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળ કાર્યરત કર્મચારીઓની કામગીરીને વધુ પરિણામલક્ષી બનાવવા માટે એક વિશેષ રિફ્રેશમેન્ટ તાલીમ અને બિઝનેસ પ્રપોઝલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કર્મચારીઓને માઇક્રો પ્લાનિંગ સાથે કામ કરવા અને ગેપ એનાલિસિસ દ્વારા ક્ષતિઓ દૂર કરવા તાકીદ કરાઈ હતી. ‘લખપતિ દીદી’ યોજના અંતર્ગત ગ્રામીણ મહિલાઓને વિવિધ વ્યવસાયો સાથે જોડી તેમની આવક વધારવા તેમજ બજાર જોડાણ અને વ્યવસાયિક આયોજન અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## આરોગ્ય સમિતિ બેઠક – મુન્દ્રા

મુન્દ્રા તાલુકાના વાંકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જન આરોગ્ય સમિતિની માસિક બેઠક યોજાઈ હતી. સમિતિના ચેરમેન રણજીતસિંહ અગરસંગ જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં વાંકી ખાતે ૩૦ બેડની ક્ષમતાવાળું નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરાવવા માટે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવાનો નિર્ણય લેવાયો હતો.

આ ઉપરાંત, આરોગ્ય કેન્દ્રમાં ખાલી રહેલી ડોક્ટર અને સ્ટાફની જગ્યાઓ કાયમી ધોરણે ભરવા તેમજ ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોના આયુષ્માન કાર્ડની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## પ્રજ્ઞાચક્ષુ ભાઇ બહેનો માટે સેમિનાર

આજે. નેશનલ એસોસિયેશન ફોર ધ બ્લાઇન્ડ  કચ્છ બ્રાન્ચ દ્વારા ભુજ ખાતે પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો માટે વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ૯૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓને બેન્કિંગ, ફાઇનાન્સ, ઇન્સ્યોરન્સ, હેલ્થકેર તેમજ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને આર્બિટ રિડરની ઉપયોગિતા વિશે તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ અભય શાહ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

---------------------------------------------------------------------------------------

## સંસ્કૃત ગૌરવ યાત્રા

સંસ્કૃત ભાષાના ગૌરવ અને ભારતીય સાંસ્કૃતિક વારસાની જાળવણીના સંદેશ સાથે ગાંધીધામ ખાતે ભવ્ય ‘સંસ્કૃત ગૌરવયાત્રા’નું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ગાંધી માર્કેટથી પ્રસ્થાન પામેલી આ યાત્રામાં ૧૦ શાળાઓના આશરે ૮૦૦ વિદ્યાર્થીઓ, આચાર્યો અને શિક્ષકો જોડાયા હતા.

ઝંડાચોક ખાતે ગ્રંથપૂજન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા, જ્યાં વક્તાઓએ સંસ્કૃત ભાષાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ યાત્રામાં વહીવટી તંત્રના અધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહી સહયોગી બન્યા હતા.

---

## એચઆઇવી, ટીબી અંગે જનજાગૃતિ સેમનાર

કચ્છમાં એચ.આઈ.વી., ટી.બી., હિપેટાઈટિસ અને લેપ્રસી જેવા ચેપી રોગો અંગે જનજાગૃતિ વધારવા અને ગેરમાન્યતાઓ દૂર કરવા માટે કચ્છ યુનિવર્સિટી, દયાપર કોલેજ અને પાલારા જેલ ખાતે વિશેષ કાર્યક્રમો યોજાયા હતા.

કચ્છ યુનિવર્સિટીમાં 'રેડ રિબન ક્લબ'ની સ્થાપના કરી ક્વિઝ યોજાઈ હતી, જ્યારે દયાપર કોલેજમાં વૈજ્ઞાનિક માહિતી આપી માર્ગદર્શન અપાયું હતું. પાલારા જેલ ખાતે બંદીવાનો માટે રક્ષાબંધનની ઉજવણી સાથે એચ.આઈ.વી. અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી આપવામાં આવી હતી.

---

## એમએસએમઇ સેમિનાર

બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડસ  ગાંધીધામ બ્રાન્ચ અને ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે કચ્છના ઉદ્યોગકારો અને એમએસએમઇ ક્ષેત્ર માટે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં BIS ના અધિકારીઓ દ્વારા ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ, ફરજિયાત ગુણવત્તા ધોરણો, આઇએસઆઇ માર્ક મેળવવાની પ્રક્રિયા અને એમએસએમઇ કમ્પ્લિયન્સ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તકનીકી સત્ર દરમિયાન

ઉદ્યોગકારોએ પોતાના પ્રશ્નોના વ્યવહારુ નિરાકરણ મેળવ્યા હતા, જેનાથી ઉત્પાદનોની ગુણવત્તા અને બજાર ક્ષમતા વધારવામાં મદદ મળશે.

---